ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૫-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

ભોજા ભગતનું પ્રાગટ્યપર્વ : ચાલો, આપણે અંતરને અંજવાળીએ

' પ્રાણિયા, ભજી લે ને કિરતાર
આ તો સપનું છે સંસાર જી...'

આ પંક્તિઓમાં જીવનની શાશ્વત ફિલસૂફી રજૂ થઈ છે. સૌરાષ્ટ્ર સંત, શૂરા અને સતીની ભૂમિ છે. કાઠિયાવાડની ઘોડી જેવી જ ત્યાંની 'છોડી' પણ ખાનદાન હોય છે. આજે સંત ભોજલરામ જયતિ છે. ભોજા ભગત તરીકે સૌરાષ્ટ્રના લોકમાનસમાં અમર બની ગયેલા આ મહાન સંત અમરેલી પાસે ફતેપુરાની ભોજલ સમાધિ પૂરતા સીમિત ન રહેતાં ગુજરાત અને ગુજરાત બહાર એક અદ્‌ભુત અધ્યાત્મ ચેતના સ્વરૂપે ફેલાઈ ગયા છે. જેમ જેમ સમય વીતતો જાય છે તેમ એ આ તળપદની ધરતીના છોરું વધુને વધુ પ્રસ્તુત બનતા જાય છે. ભોજાભગતની વિશેષતા એ છે કે એમણે એમના શિષ્ય જલારામને આશીર્વાદ આપી પોતાના કરતાં સવાયા બનાવ્યા અને પોતે પડદા પાછળ રહ્યા. ભોજા ભગત સાધારણ લેઉઆ પાટીદાર સમાજના ખેડૂત પરિવારનું ફરજંદ હતા. એમના પૂર્વના સંસ્કાર કોઈ યોગભ્રષ્ટ આત્માની જેમ જાગી ઊઠ્યા અને એ જમાનાના સૌરાષ્ટ્રને મળ્યો એક ઉત્તમ ભક્ત કવિ. નરસિંહ મહેતાની જેમ એમણે પોતાની સઘળી જવાબદારીઓ કિરતારના હવાલે કરી દીધી હતી. જીવ અને શિવનું સાયુજ્ય એ પળે પળ અનુભવતા રહ્યા. જે જમાનામાં કણબી ખેડૂત માટીનાં ઢેફાં અને ખેતરના શેઢા બહાર અન્ય કોઈ ઓળખ ધરાવતો નહોતો તે સામંતી શાસનકાળમાં આ અદના ખેડૂતના દીકરાઓ સોંસરવા ઊતરી જાય એવા 'ચાબખા' રચ્યા, ભજન લખ્યાં અને ગાયાં. ખેડૂતો એના હળ-બળદ સાથે ખેતર ખેડતાં ખેડતાં ભોજા ભગતનાં આવાં અને ઘડતર-ચણતર કરતા રહેલા ભોજા ભગત એમના સમયનો મસમોટો ચમત્કાર બની રહ્યા. એમને નાત-જાત- ધર્મ- સંપ્રદાયથી કોઈ સ્નાનસૂતકનો સંબંધ ન રહ્યો. એમનો તાર સીધો જ ઉપરવાળા સાથે જોતરાઈ ગયો. ભોજા ભગતે આપણને એક અજરામર વિભૂતિ આપી: જલારામ બાપા. જલારામ ભાટિયા- ઠક્કર જ્ઞાતિના ઈશ્વરપારાયણ ભકતરાજ હતા. એમણે ભોજલરામનું શિષ્યત્વ સ્વીકારીને ગુરુને પણ ન્યાલ કરી દીધા છે. ગોંડલ નજીક વીરપુર મુકામે આવેલું જલારામ મંદિર દુનિયાભરમાં જાણીતું છે. 'ટુકડો ત્યાં હરિ ઢૂકડો'ના શાશ્વત સૂત્રમાં શ્રદ્ધા ધરાવતા જલારામ ગુજરાતના મહાન સંતોની પરંપરામાં ચમકતું સૌથી તેજસ્વી નક્ષત્ર છે. ભોજા ભગતના પરચા જાણીતા છે એથી ઘણા વધારે જલારામબાપાના પરચા જાણીતા છે. પણ સંત ભોજલરામ એક વિચક્ષણ કવિ છે. એ સમકાલીન માનવ સમાજમાં પ્રવર્તતી કુરૂઢિઓ, અંધશ્રદ્ધાઓ અને કર્મકાંડની વિરુદ્ધ અખા ભગતની જેમ તીખા કટાક્ષો કરી જાણે છે. આમ ભક્તિ કરતાં કરતાં ભોજા ભગતે સમાજસુધારાનું કામ પણ કર્યું છે. કોઈપણ સમાજનું અને સમયનું સાચું પ્રતિનિધિત્વ એના સંતો અને સર્જકો કરતા હોય છે. સંત ભોજલરામ એવા મોટા ગજાના સંત અને સર્જક હતા. ગુજરાતે હજી એમને ઓળખવા ઘટે તે રીતે ઓળખ્યા નથી. પરંતુ આવી વિભૂતિઓ તો એમની હયાતી બાદ ઘણા લાંબા વખત પછીયે પ્રસ્તુત બની રહેતી હોય છે. રોહીતદાસ ચમાર એનું ઝળહળતું ઉદાહરણ છે. નરસિંહ મહેતાએ એમના જીવનકાળમાં સામાજિક રૂઢિઓ તોડી હતી અને નાગરી નાતે એમને હેરાન કરવામાં કશી કસર નહોતી રાખી. કરુણામૂર્ત સંતો સમાજ પાસેથી સાંપડેલા અપમાન અને તિરસ્કાર સહી લઈ સમાજને સદુપદેશનું અમૃતપાન કરાવતા રહે છે. આપણા તમામ સંતોની નિયતિ લગભગ એક સરખી રહી ચે. ભોજા ભગતની અમૃતવાણી આજસુધી લોકજીભ પર રમતી રહી હોય તો એની પાછળ એના શબ્દમાં છુપાયેલી અવિનાશી ચેતના જ જવાબદાર ગણાય. આવા મહન સંતકવિનું પાવન સ્મરણ કરી એમનાં સ્મરણ કરી એમનાં ચરણોમાં શ્રદ્ધાંજલી અર્પી કૃતાર્થ થઈએ. સુયોગ એવો છે કે આજે 'બુદ્ધિપૂર્ણિમા' પણ છે. બુદ્ધિની કરુણા જ ભોજા ભગતનાં ભજનોમાં વહેતી વૈરાગ્યની સરવાણીનું સ્વરૂપ લેતી લાગે. ભોજા ભગતના વંશજ અને ગુજરાતી ભાષાના પ્રખર વિદ્વજ્જન ડૉ. મનસુખ સાવલિયા દ્વારા ફતેહપુરા આશ્રમની યોગ્ય સંભાળ લેવાઈ રહી છે, તેની નોંધ લઈએ પરંતુ સંતો અને સર્જકો પર તો સમસ્ત માનવંશનો સરખો અધિકાર છે. આપણે ભોજા ભગતની પુણ્યસ્મૃતિ લેખે પંડને અજવાળવાનો પ્રયાસ કરીએ.

મેડીકલ અને પેરા મેડિકલ માટે ૧૫ જુન સુધીમાં ફોર્મ વિત્તરણ

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ જાહેર છતાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયા શરૂ ન થતા વિદ્યાર્થી પરેશાન : પ્રવેશ પ્રક્રિયા ૧૦ જુન બાદ શરૂ થાય તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૪

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કર્યાને ૧૦ દિવસ કરતા વધુ સમય વ્યતિત થઈ ચુક્યો છે અને ગુજકેટનું પરીણામ પણ જાહેર કરાઈ દેવામાં આવ્યું છે. તેમ છતાં મેડિકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી શરૂ ન કરાતાં વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાઈ ગયા છે.ત્યારે એડમિશન કમિટીના મેમ્બર સેક્રેટરી પ્રણય શાહે ૧૫ જુન સુધી મેડિકલ અને પેરામેડિકલના ફોર્મ વિત્તરણ કરવાનું જણાવ્યું છે. જો કે, ક્યારથી ફોર્મ વિત્તરણ શરૂ કરવામાં આવશે તેની સ્પષ્ટતા કરવાનું ટાળ્યું હતું. પ્રાપ્ત થયેલી માહિતી મુજબ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા મેડિકલ-પેરામેડીકલ અભ્યાસક્રમોની વિવિધ શાળાઓની બેઠકો ઉપર શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટેની પ્રવેશ કાર્યવાહી જુનના પ્રથમ સપ્તાહમાં શરૂ કરાશે આ અંગે એડમિશન કમિટીના મેમ્બર સેક્રેટરી પ્રણય શાહે જણાવ્યું હતું કે, મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનું ફોર્મ આગામી જુન માસના પ્રથમ સપ્તાહથી શરૂ કરાશે અને ૧૫ જુન સુધી વિદ્યાર્થીઓને ફોર્મ આપવામાં આવશે. જ્યારે એડમિશન પ્રક્રિયા અમદાવાદની બીજે મેડિકલ કોલેજ ખાતે ૧૦ જુન બાદ શરૂ કરવામાં આવશે. ફોર્મ વિત્તરણ અને પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા અંગે કોઈ નિશ્ચિત તારીખ નક્કી કરાઈ નથી. જોકે જેથી તારીખ નક્કી થશે તેવું જ પ્રવેશ ફોર્મ વિત્તરણ તેમજ પ્રવેશ ફોર્મ સ્વીકારવાની કાર્યવાહીનો વિસ્તૃત વિગતો સાથે અખબારોમાં જાહેરાત આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, પ્રથમ વખત સેમેસ્ટર પદ્ધતિ પ્રમાણે લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું ૧૩ મેના રોજ ૯૨.૫૩ ટકા જેટલું ઉંચુ પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુજબ આગામી શૈક્ષણિક વર્ષમાં મેડીકલ અને પેરામેડીકલમાં ગુજકેટના આધારે પ્રવેશ ફાળવવો તેવા નિર્દેશ બાદ ગુજકેટનું પણ પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, તેમ છતાં હજી સુધી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેના નિયમો પણ જાહેર ન થતાં વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મૂકાઈ ગયા છે. આ અંગે ગાંધીનગર ખાતે પ્રવેશ સમિતીના સભ્યો અને સરકાર વચ્ચે એક બેઠક પણ યોજાઈ ગઈ છે. તેમ છતાં હજી સુધી પ્રવેશના નિયમો નક્કી ન થયા હોવાથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ મેડિકલ અને પેરામેડિકલ શાળાના વિવિધ અભ્યાસક્રમોની અંદાજે ૮૦૦૦ જેટલી બેઠક ઉપર પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ આતુરતા પૂર્વક પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે.

પપ્પાએ વેકેશનમાં તને બેટ અપાવ્યું અને કહ્યું છે કે બેટીંગ કરવા ન મંડતો - મને મોબાઈલ આપ્યો અને કહ્યું છે કે 'મોબાઈલ' થઈ ન જતી...

યુનિ.સાથે જોડાણ ન મેળવનાર બીએડ કોલેજોને હવે દંડ ભરી સર્ટિફિકેટ મેળવવુ પડશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં કાર્યરત બીએડ કોલેજોએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી હોય છે. પરંતુ જે બીએડ કોલેજોએ નિર્ધારીત સમય મર્યાદામાં યુનિવર્સિટી સાથે જોડાણનું પ્રમાણપત્ર મેળવેલ નથી. તેવી કોલેજોએ આગામી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા યુનિવર્સિટીએ નિયત કરેલ દંડ ભરીને કોલેજનું યુનિવર્સિટી સાથે જોડાણ સર્ટી મેળવી લેવાનું રહેશે.

નિર્ધારીત સમય મર્યાદામાં જોડાણ ન મેળવનાર બીએડ કોલેજોને યુનિવર્સિટી દ્વારા આગામી શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓ નહીં ફાળવાય તેમ યુનિવર્સિટીના સુત્રોએ વધુમાં ઉમેર્યું હતું.

નેક એક્રિડેશન નહી ધરાવતી એમએડ કોલેજને વિદ્યાર્થી નહી મળે

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૨૦ જેટલી એમએડ કોલેજો કાર્યરત : મોટાભાગની કોલેજો પાસે નેક એક્રિડેશન નથી

અમદાવાદ, તા.૨૪

યુનિવર્સિટી ગ્રાન્ડ કમિશન દ્વારા ગ્રાન્ટેડ કોલેજો માટે નેક એક્રિડેશન ફરજીયાત બનાવામાં આવ્યું છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ સંલગ્ન એમએડ કોલેજો પૈકી નેક એક્રિડેશન ન હોય તેવી એમએડ કોલેજોને આગામી શૈક્ષણિક સત્ર માટે વિદ્યાર્થીઓની સંખ્યા ન ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૨૦ જેટલી એમએડ કોલેજો કાર્યરત છે. જેમાંથી મોટાભાગની કોલેજો પાસે નેક એક્રિડેશન નથી અથવા તો રિન્યુ કરાવવામાં આવ્યું નથી.

ગુજરાત યુનિવર્સિટીના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન માસ્ટર ઓફ એજ્યુકેશનનો અભ્યાસક્રમ ચલાવતી ૨૦ જેટલી કોલેજો કાર્યરત છે. જેમાંથી મોટાભાગની એમએડ કોલેજોએ નેશનલ એસેલમેન્ટ એક્રિડેશન કાઉન્સિલનું એસેસમેન્ટ ફાળવી ગ્રેડ મેળવ્યો નથી. બીજી તરફ નેશનલ કાઉન્સિલ ફોર રીસર્ચ એજ્યુકેશન દ્વારા નેક એક્રિડેશન ન ધરાવતી હોય તેવી એમએડ કોલેજોને સ્થગિત કરવા સૂચના આપવામાં આવી છે. જેના પગલે તાજેતરમાં કુલપતિની અધ્યક્ષતામાં મળેલી ઈસી બેઠકમાં આગામી શૈક્ષણિક સત્રથી નેક એક્રિડેશન ન ધરાવતી એમએડ કોલેજોને વિદ્યાર્થીઓ ન ફાળવવાનો નિર્ણય કર્યો હતો. જેના કારણે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૨૦ જેટલી એમએડ કોલેજના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ સર્જાયું છે. કારણકે, મોટાભાગના એમએડ કોલેજો પાસે નેક એક્રિડેશન નથી.જોકે, આ અંગે એમએડ કોલેજો તરફથી પ્રાપ્ત થતી માહિતી મુજબ નેક એક્રિડેશન માટે કોલેજ શરૂ થયાને ત્રણ વર્ષ થવા જરૂરી છે. જોકે, કેટલીક કોલેજોની સ્થાપનાને હજી ત્રણ વર્ષ પુર્ણ થયા નથી. આવી સ્થિતિમાં નેક એક્રિડેશન માટે અરજી કેવી રીતે કરવી. ગુજરાત યુનિવર્સિટીએ નેશનલ કાઉન્સિલ ફોર રીસર્ચ એજ્યુકેશનના પરિપત્રનું ખોટું અર્થઘટન કરીને યુનિવર્સિટીએ આ નિર્ણય લીધો છે.

રાજ્યભરમાં ૨૮મી મે સુધીમાં શાળાઓની વિગતો મોકલવા આદેશ

રાજ્યની ૫૫૦૦ સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવાની કવાયત : સ્વનિર્ભર શાળાઓનું પ્રમાણ વધ્યુ છે

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાંદિન પ્રતિદિન સ્વનિર્ભર માધ્યમીક શાળાઓનું પ્રમાણ વધી રહ્યું છે. આ સ્વનિર્ભર શાળાઓ પૈકી કેટલીક શાળાઓને ગ્રાન્ટેડનો દરજ્જો આપવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કવાયત હાથ ધરાઈ છે. આ માટે રાજ્યના શિક્ષણ વિભાગે ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓની સંપૂર્ણ માહિતી ૨૮ મેસુધીમાં મોકલી આપવાનો તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને આદેશ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં અંદાજે ૫૫૦૦ જેટલી સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે. જેમાં અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ સ્વનિર્ભર શાળાઓ આવેલી છે. બીજી બાજુ રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષથી સ્વનિર્ભર શાળાઓની મંજુરી આપવાની નિતી ઉદાર બનાવી હોવાથી સ્વનિર્ભર સંખ્યા દિવસને દિવસે વધી રહી છે. ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ શાળાઓને તબક્કાવાર ગ્રાન્ટેડ કરવા માટે કવાયત હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા દરેક જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરીપત્ર પાઠવી તેમના જિલ્લામાં રહેલા ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓની સંપૂર્ણ વિગતો મોકલી આપવા આદેશ કર્યોછે. જેના માટે શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણ અધિકારીઓને ફોર્મનો નમુનો પણ મોકલી આપ્યો છે. જેમાં શાળાનું નામ, ટ્રસ્ટનું નામ, ગામનું નામ, ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા, શાળા ગ્રામ્ય વિસ્તારની છે કે શહેરી વિસ્તારની, શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ, શિક્ષકોની સંખ્યા, મળવાપાત્ર મહેકલ, શાળાઓનો વાર્ષિક ખર્ચ વગેરે માહિતી ભરી ૨૮મે સુધી શિક્ષણ વિભાગને મોકલી આપવાની રહેશે. પરિપત્રમાં જે જિલ્લા શિક્ષણાધિકારી નિયત સમય મર્યાદામાં વિગતો રજુ નહીં કરે તેમની જવાબદારી નક્કી કરીને પગલા ભરવાની તાકીદ પણ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ વિધાનસભાની ચુંટણીની આચાર સહિતા અમલી બને તે પહેલા રાજ્ય સરકારે ૪૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્વનિર્ભરમાંથી ગ્રાન્ટેડ કરવાની પરવાનગી આપી દીધી હતી.

અમદાવાદ ખાતે રંગીન ફીશ પ્રદર્શનનો આરંભ

અમદાવાદ, તા.૨૪

કૃષિ મહોત્સવ-૨૦૧૩ અંતર્ગત મત્સ્યોદ્યોગ વિભાગ ગાંધીનગર દ્વારા સંસ્કારકેન્દ્ર, પાલડી અમદાવાદ ખાતે રંગીન માછલીઓના ત્રિ-દિવસીય પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રદર્શન ગુજરાત ઓર્નામેન્ટલ ફિશ એક્સ્પો ૨૦૧૩નું ઉદ્‌ઘાટન પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન સચિવ દિનેશભાઈ બ્રહ્મભટ્ટે કર્યું હતું. બણમરારેડ અરોવાના, પ્રલઝાન ફ્લાવર હોન, સુબન કિંગ પીરોટ, ગપ્પી, ગોરામી, મૌલી, એંજલ, ફેટફિશ, શાર્ક, સ્ટ્રીંગવે તેમજ ગોલ્ડફિશ વગેરે. તેમણે જણાવ્યું હતું કે, રંગીન માછલીઓ માટેની ગ્રુહહેચરીની સ્થાપના માટે સહાય મંજુર કરવામાં આવે છે. જેનાથી તેમાં સંકળાયેલા લોકોને રોજગારીની તકો વધી છે. આ અંગે કમિશનર પીએલ દરબારે રાજ્ય સરકાર દ્વારા પાંચમાં વર્ષે યોજાયેલા આ પ્રદર્શનથી માછલીઓની પ્રજાતિ, ખોરાક, જાળવણી, રોગ તેમજ એકવેરીયમ જાળવણી જેવી તમામ બાબતોની જનજાગ્રુતિ કેળવાઈ છે. આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોનું આર્થિકસ્તર ઉંચુ આવ્યું છે.

આજે સંતશ્રી ભોજા ભગતની જન્મજયંતિ

પ્રસંગસર

'અમારી ધરતી જગ જૂની, ગઢ જૂનો ગિરનાર
શૂરા ને સંત નિપજાવતી, સૌરાષ્ટ્ર રતનની ખાણ'

સૌરાષ્ટ્રની પુનિત ધરતી ઉપર અનેક સિદ્ધો, સાધુઓ અને સંતકવિઓએ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની નિર્મળ સરવાણીથી જનજીવનને સદચારી બનાવ્યું છે. તેમાંના ઘણાં ભક્તો દુનિયાદારીની દૃષ્ટિએ ઓછું ભણેલા કે અભણ હતા છતાં અંતરની સમૃદ્ધિને કારણે ઉત્તમ કવિ, ઉપદેશક કે સમાજ સુધારક બનીને સમાજની ઉમદા સેવા કરી છે. એવી વિરલ વિભૂતિઓમાં એક હતા ભોજલરામ.

'આ દેશ રૂડો આપણો, સૌરાષ્ટ્ર હિન્દુસ્તાનમાં,
તેના વિશે ગિરિવર મદા, ગિરનાર છે નિજ સ્થાનમાં.
પર્વત સમીપેન પૂર્વમાં, ગાલોળ નામે ગામ છે, નિષ્પાપ કૃષીકર કૃષ્ણનો કાયમ તહાં વિશ્રામ છે.'

ગિરનારની જ્યાં છાયા પડે છે અને જ્યાંથી ગિરનારની સંતોની અલખની આરાધના સંભળાય છે તેવા ગિરનારની છત્રછાયામાં આવેલ જેતપુરની બાજુમાં દેવકી ગાલોળ ગામ એટલે પૂ. ભોજાબાપાની જન્મભૂમિ. આ ગામમાં એક દિવસ ખોરડે ખોરડે આનંદના ઓઘ ઉછળ્યાં અને ઢૈયા સઘળા થનગની ઉઠ્યા.

'સુપ્રસિદ્ધ સૌરાષ્ટ્રમાં દેવકી ગાલોળ ગામ,
કાઠિયાવાડમાં કહેવાતું નસીબવંતુ નામ,
ઈ.સ. સતરસો પંચ્યાસી વૈશાખ સુદ પૂનમ, લેઉવા કણબી કુળમાં લીધો જેણે જનમ'

સંતશ્રી ભોજલરામનો જન્મ ઈ.સ. ૧૭૮૫માં સૌરાષ્ટ્રમાં આવેલ જેતપુર પાસેના દેવકીગાલોલ મુકામે લેઉવા કણબી કુટુંબમાં થયો હતો. પિતા કરશનભાઈ અને માતા ગંગાબાઈ. જ્ઞાતિએ લેઉવા પટેલ અને સાવલિયા અટક ધરાવનારશ્રી ભોજલરામ સાથે અનેક દિવ્ય ચમત્કારો જોડાયેલા છે. ૧૨ વર્ષની ઉંમર સુધી માત્ર દૂધનો જ આહાર લેતા હોવાથી દૂધાહારી બાલયોગી તરીકે તેમની ખ્યાતિ ચોમેર ફેલાયેલી હતી. લોકોના વહેમ, અંધશ્રદ્ધા અને અજ્ઞાનને દૂર કરવા ભૂતાવળિયા ટીંબા ઉપર જ આશ્રમ સ્થાપી, હરિકિર્તનના સૂર રેલાવી આ જગ્યા ઉપરની આસૂરી સૃષ્ટિ ઉપર ફતેહ મેળવી જે ગામ વસાવ્યું તેનું નામ ફતેહપુર. ધીરે ધીરે અમરેલી પ્રાન્તનું તીર્થધામ બની ગયું.

ઈ.સ. ૧૮૧૪માં ઈલમી અને પરચાબાજ કહી તેમને ગાયકવાડી દીવાન વિઠ્ઠલરાવે નજરકેદ કર્યા હતા. શાહી રસોડાનું શાહી ભોજન દિવસમાં ચાર વાર આરોગી તેઓ એકાસને બેસી અજપા જાપ જપતા રહ્યા. દિવસો સુધી પોતાની જગ્યા ઉપરથી ન ઊભા થયા કે ન કુદરતી હાજતે ગયા! આવી સિદ્ધિ સામાન્ય માણસની ન હોય તેમ જાણી, વિઠ્ઠલરાવે ભોજલરામની માફી માગી અને તેમના શિષ્ય બની ઉપદેશવાણી માટે પ્રાર્થના કરી. પૂ. ભોજા ભગતની આ અગ્નિ પરીક્ષા પછી દિવાન વિઠ્ઠલરાવ તેમને પૂરા સન્માન સાથે ફતેહપુર વિદાય કરે છે. આ પ્રસંગ પૂ. ભોજા ભગતે કહ્યું કે,

'પાછા પગલા કદી નો'ય પુરી ના; વહી નીકળ્યા વસમી વાટે, ભોજા ભગત કહે ગુરુ પ્રતાપે, પુજાણા જઈ પાટે'

તેમણે સ્વયંસ્ફુરણાથી કાવ્યવાણીનો ધોધ વહેવડાવી લગભગ દોઢસો પદ તેમણે સ્વકંઠે ગાઈ સંભળાવ્યા. આ પદો ગુજરાતી સાહિત્યનું મોંઘેરું આભૂષણ બની 'ભોજા ભકતના ચાબખા' નામે સર્વત્ર જાણીતા થઈ આદર પામ્યા. ઈન્દ્રિયોના ઉદ્ધત અશ્વોને જ્ઞાનના ચાબખા વડે સતત ફટકારો તો જ તે પલોટાય, સંયમિત બની સન્માર્ગે ચાલે, આ વિચારને મૂર્ત કરવા ભોજા ભકતે આ પદોને 'ચાબખા' કહ્યાં છે. ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયા, અખાના છપ્પા, પ્રીતમના પદો, ધીરાની કાફી અને દયારામની ગરબીની જેમ જ ભોજા ભકતના ચાબખાએ પણ નામના મેળવી. ચાબખાનો કર્ણપ્રિય ઢાળ સૌને એવો તો ગમ્યો કે એ પછી ઢાળ ઉપર અનેકે એ ઢાળ ઉપર પદની રચા કરી!

'પ્રાણિયા! ભજી લે ને કિરતાર, આ તો સપનું છે સંસાર
મુરખા! મોહી રહ્યો મારું, આમાં કાંઈ નથી તારું'

વગેરે વેધક અને ધાર્મિક કટાક્ષો કરી સાંસારિક મોહમાયામાં ફસાયેલા લોકોને સાવધ કરી સદાચારના રસ્તે ચડાવ્યા. ભોજલરામમાં મહાજ્ઞાની, મહાયોગી અને મહાન સમાજ સુધારક એમ ત્રિવિધ પ્રતિભાના દર્શન થાય છે.

એક તરફ તત્કાલીન જડસમાજના વહેમો, દંભો, પાખંડો અને કુરિવાજો ઉપર મીઠાના પાણીમાં બોળેલા કરડા કોરડા જેવા 'ચાબખા'ના માર માર્યા છે તો બીજી બાજુ આત્મશ્રદ્ધા, ગુરૂકૃપા, પ્રભુભક્તિ અને વિવેકનો ચંદનલેપ બનાવી એક કુશળ ચિકિત્સકની અદાથી સંતપ્ત જીવોની ચિકિત્સા કરી છે. શબ્દ અને અર્થમાં સુમેળ સાધી ગોઠવાઈ જતા અલંકારો, તળપદી બળકટ ભાષાનું ઔચિત્ય, તાલ લયની જુગલબંધી અને ગ્રામીણ પરિવેશમાં આવતા સમુચિત દૃષ્ટાંતો આ બધી વિશેષતાને કારણે ભોજા ભકતના ચાબખા રાવણ હથ્થા કે એકતારાના તાર ઉપર સવાર થઈને ગુજરાતમાં ઘેરઘેર ઘૂમી વળ્યા છે. જેમકે...



'મનવા! રે'ની ભવનમાં ભળી, તારી વેળા જાય છે વળી, જોબનના દહાડા જતા રે' શે ભાઈ! જેમ કરમાશે કળી, જરો પોત્યે કાંઈ જોરે નહીં ચાલે, પછી પીંખાશે પળી,
મનવા! રે'ની ભજનમાં ભળી'

'ચાબખા' સિવાય પણ તેમણે પ્રભાતિયાં, હોરી, સરવડા, કીર્તન, ભક્તિપદો, કક્કો, બાવનાક્ષરી, તિથિ, વાર, મહિના, સંદેશા અને રાધા-કૃષ્ણના શૃંગાર આલેખતાં પદો જેવાં કાવ્યસર્જનો તેમની મુખવાણીમાંથી પ્રગટ્યા છે. તેમાનું એક પ્રખ્યાત ભજન રૂપક રૂપે..

કડી બિચારી કીડી રે, કીડીનાં લગનિયાં લેવાય, પંખી પારેવડાંને નોતર્યાં,
કીડીને આપ્યાં સન્માન, હાલો કીડીબાઈની જાનમાં... હાલો (૧)
મોરલે બાંધ્યો રૂડો માંડવો, ખજૂરો પીરસે ખારેક, ઘૂડે રે ગાયાં રૂડાં ગીતડાં, પોપટ પીરસે પકવાન.. હાલો (૨)
મકોડાને મોકલ્યા માળવે રે, લેવા માળવિયો ગોળ, પંડે રૂડો ને કેડ પાતળી, ગોળ ઊપડયો ન જાય.. હાલો (૩)
મીનીબાઈને મોકલ્યો ગામમાં રે, એવાં નોતરવાં ગામ, સામા મળ્યા બે કૂતરા, બિલાડીના કરડયા બે કાન... હાલો (૪)
ઘોડે રે બાંધ્યા પગે ઘૂઘરા, કાકીડે બાંધી છે કટાર, ઊંટ રે બાંધ્યા ગળે ઢોલકાં, ગધેડો ફૂંકે શરણાઈ.. હાલો (૫)
ઉંદરમામા હાલ્યા રિસામણે, બેઠા જઈ દરિયાને બેટ, દેડકો તો બેઠો ડગમગે, રે મને કપડાં પહેરાવ... હાલો(૬)
વાંસડે ચડયો એક વાંદરો, જુએ જાનુંની વાટ, આજ તો જાનને લૂંટવી, લેવા સર્વના પ્રાણ... હાલો (૭)
કઈ કીડીને કોની જાન રે? સંતો કરજો વિચાર, ભોજા ભગતની વિનતિ, સમજો ચતુર સુજાણ.. હાલો (૮)

યુગપુરુષ મહાત્મા ગાંધીજીને અવિચળ આત્મશ્રદ્ધા અને પ્રભુપ્રેમની પ્રેરણા આપનાર 'કાયબા-કાયબી'નું ભજન જે તેમની પ્રાર્થના સભામાં નિયમિત ગવાતું હતું. એમના સર્જક પણ ભોજાભકત જ હતા.

પૂ. ભોજાબાપાએ પોતાના 'કાયબા-કાયબીનું ભજન' નામના પદમાં પારધીના ઉકળતા આંધણમાંથી કાયબા-કાયબીને બચાવવા માટે પ્રભુએ જે આકસ્મિક મદદ કરી તેનું ભક્તિભાવપૂર્વક ગાન કરતાં કહ્યું છે કે,

'કેશવજી કરુણા આવી મોકલ્યા મેઘ મલ્હાર,
આંધણમાંથી ઉગારિયા, આવી કાયબાને કરતાર.
ભોજલ ભરોસે આવશે જેને, ત્રિકમજી તારશે તેને.'

જેને પૂર્ણ શ્રદ્ધા અને અનન્ય વિશ્વાસ હશે તેનું કામ ભગવાન કરશે જ. નિરાકારના ઉપાસક જ્ઞાનમાર્ગી કવિ ભોજાભકત નિરક્ષર હતા. પરંતુ અમરેલીની ન્યાય કચેરીના કર્મચારી જીવણરામ તેમના સાક્ષર શિષ્ય હતા. તેઓ નિપુણ લહિયા હોવાથી ભોજાભકતની વાણીને તેઓ અક્ષરદેહ આપી દેતા હતા. જે ક્રમ આજીવન ચાલ્યો. ઈ.સ. ૧૮૯૦માં ગ્રંથસ્થ થયેલ કાવ્યમાળના પાંચમાં ખંડમાં ભોજભકતની તમામ રચનાઓ ગ્રંથસ્થ કરીને પ્રગટ કરવામાં આવી હતી.

**ભોજા ભકતનું કવન એટલું બધું વૈવિધ્ય સભર છે કે તેની તુલના અનેક ભકતકવિઓ સાથે થઈ શકે. છતાં તેમનું કાર્યફલક સૌથી વધારે જ્ઞાની કવિ અને ભકત અખા સાથે મળતું આવે છે. જોગાનું જોત ભોજાભકતની અસંખ્ય પંક્તિઓ અખાની પંક્તિ સાથે મહદઅંશે મળતી આવે છે. તેઓ અખાની પ્રતિકૃતિ જેવા છે. સ્વાનુભવની ભૂમિ ઉપર આત્મ સાક્ષાત્કાર થયો હોય તેવા મરમી સંત કવિઓની મંડળીમાં ભોજાભકત અને અખાની કવિબેલડી જુદી તરી આવે છે. બંનેના ગુણધર્મો સમાન-પાપના પુંજને બાળવાના અને અંધારાને ઉજાળવા ભોજાભકત આ જીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા. અમરેલીથી દક્ષિણે ત્રણેક કિ.મી.ના અંતરે આવેલ ફતેહપુરમાં ભોજાભકતની પ્રસિદ્ધ જગ્યા આવેલી છે. ભકતનાં સ્મૃતિ ચિહ્નો- ઢોલિયો, પાદુકી, માળા, ચરણ પાદુકાના પાવન દર્શન કરી લોકો ધન્યતા અનુભવે